**<u>મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.</u>**

**ફોજદારી કેસ નં.૩૩૪૧૬/૨૦૨૧**

**આંકઃ ૪**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપીઃ** **રાજેશકુમાર મદનલાલ પલસાનાવાળા**

**<u>ગુનોઃ આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ.</u>**

**<u>–// ચુકાદો //–</u>**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં કોઈ વ્યકિતને ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતિમાં ચલાવી ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૫૦૦/– પૂરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા. ૧૦/૦૭/૨૦૨૧.

(અમીતકુમાર નરેન્દ્રભાઈ દવે)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.
Judge Code No.GJ 00807